# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

મંડળની જાહેરાત ક્રમાંકઃ ૮૮/૨૦૧૬૧૭, આસીસ્ટન્ટ મશીનમેન, વર્ગ-૩ સંવર્ગની તા. ૧૭/૦૬/૨૦૧૭ ના રોજ મંડળ દ્વારા યોજવામાં આવેલ ઓન-લાઇન સ્પર્ધાત્મક લેખિત પરીક્ષામાં પુછાયેલ પ્રશ્નોના સાચા જવાબોની પ્રોવિઝનલ આન્સર કી તા. ૨૦/૦૬/૨૦૧૭ ના રોજ પ્રસિદ્ધ કરી તે **અન્વયે** ઉકત પરીક્ષાના ઉમેદવારો તરફથી કોઇ રજુઆત હોય તો તે તા. ૦૧/૦૭/૨૦૧૭ ના રોજ બપોરના ૧૭-૦૦ કલાક સુધીમાં મંડળને જરૂરી આધારો સહિત રજુ કરવા જણાવવામાં આવેલ હતું. જે અન્વયે ઉમેદવારો તરફથી મંડળને છેલ્લી તારીખ સુધીમાં કોઇ રજુઆતો મળેલ નથી. તેથી ઉકત પ્રોવિઝનલ આન્સર કી ને જરૂરી કાર્યવાહીને અંતે ફાઇનલ આન્સર- કી તરીકે આથી જાહેર કરવામાં આવે છે. અને તે આખરી કરેલ આન્સર કી મુજબ હવે મંડળ દ્વારા પ્રથમ તબક્કાની ઓન-લાઇન સ્પર્ધાત્મક લેખિત પરીક્ષામાં ઉમેદવારોએ મેળવેલ ગુણના મેરીટસ આધારે કેટેગરીવાઇઝ જગ્યાના પ્રમાણમાં બીજા તબક્કાની કોમ્પ્યુટર પ્રફિસીયન્સી ટેસ્ટ માટે કવોલીફાય ગણવાપાત્ર ઉમેદવારોની યાદી તૈયાર કરીને પ્રસિધ્ધ કરવામાં આવશે. જેની સંબંધિત ઉમેદવારોએ જરૂરી નોંધ લેવી.

| Que No. | Option & Answer (With Options) | Correct Answer |
|---|---|---|
| 1 | મુદ્રણ યંત્ર ચલાવવા સંદર્ભે આસીસ્ટન્ટ મશીનમેનનો સીધોજ ઉપરી વ્યક્તિ કોણ હોય છે ?<br>(A) હિસાબનીશ<br>(B) પ્રુફરીડર<br>(C) મશીનમેન<br>(D) ટાઈમકીપર | **(C)** મશીનમેન |
| 2 | મશીનમેન તેમજ આસીસ્ટન્ટ મશીનમેનને તેમની ફરજ દરમ્યાન નીચે દર્શાવેલમાંથી કઇ વસ્તુ સૌથી વધારે ઉપયોગી નિવડે છે ?<br>(A) વર્નીયર કેલીપર<br>(B) મેગ્નીફાઈંગ ગ્લાસ<br>(C) માઈક્રોસ્કોપ<br>(D) હાઈડ્રોમીટર | **(B)** મેગ્નીફાઈંગ ગ્લાસ |
| 3 | "જળ એજ જીવન છે" માનવ જીવનના અસ્તિત્વમાં પાણીનું મહત્વ અને તેના સંચય તથા યોગ્ય/મર્યાદીત વપરાશ માટે પ્રતિવર્ષ 'વિશ્વ જળ દિન' ઉજવવામાં આવે છે. આ દિવસ એટલે -<br>(A) **22** માર્ચ<br>(B) **23** જુન<br>(C) **19** મે<br>(D) **22** મે | **(A)** 22 માર્ચ |
| 4 | મુદ્રણ ઉદ્યોગમાં વપરાતા ટાઈપોનું માપ જાણવા કયા એકમનો ઉપયોગ થાય છે ?<br>(A) સેન્ટીમીટર<br>(B) ઈંચ<br>(C) મિલીમીટર<br>(D) પોઈન્ટ | **(D)** પોઈન્ટ |

| | | | |
|---|---|---|---|
| 5 | | 'સ્વાગત' શબ્દની સંધિ છૂટી પાડો.<br>(A) સુ + આગત<br>(B) સ્વ + આગત<br>(C) સૂ + અગત<br>(D) સ્વા + ગત્ | (A) સુ + આગત |
| 6 | | ઓફસેટ મુદ્રણ પદ્ધતિની શરૂઆતનો તબક્કો શું હતો ?<br>(A) રીપ્રોગ્રાફી<br>(B) થર્મોગ્રાફી<br>(C) લીથોગ્રાફી<br>(D) ઝેરોગ્રાફી | (C) લીથોગ્રાફી |
| 7 | | ઓફસેટ મુદ્રણ પધ્ધતિ બીજા કયા નામે પ્રચલિત છે ?<br>(A) ઈન્ટાગ્લીયો<br>(B) પ્લેનોગ્રાફી<br>(C) રીલીફ<br>(D) કોલોટાઈપ | (B) પ્લેનોગ્રાફી |
| 8 | | કયા શહેરમાં ભરાયેલ અધિવેશન સમયે કોંગ્રેસના ભાગલા પડ્યા હતા ?<br>(A) હરિપુરા<br>(B) વડોદરા<br>(C) સુરત<br>(D) અમદાવાદ | (C) સુરત |
| 9 | | રૂ. **1460** નું **8%** લેખે **100** દિવસનું સાદુ વ્યાજ રૂ. .................... થાય.<br>(A) **32**<br>(B) **40**<br>(C) **492**<br>(D) **1500** | (A) 32 |
| 10 | | લોખંડના લાલ રંગના કાટનું અણુસૂત્ર કયું છે ?<br>(A) $Fe_2O_3$<br>(B) $Fe_2O_3. x\ H_2O$<br>(C) $Fe_2O_3.H_2O$<br>(D) $Fe_2O_310H_2O$ | (B) $Fe_2O_3. x\ H_2O$ |
| 11 | | ઓફસેટ મુદ્રણ પદ્ધતિ વડે છપાયેલા નમૂનાની ઓળખ શું છે ?<br>(A) છપાયેલા એરીયામાં સંપૂર્ણ રીતે એક સમાન શાહી<br>(B) છપાયેલા એરીયાની ધારો પર કરવતીના દાંતા જેવો દેખાવ<br>(C) ઈન્ડેન્ટેશન માર્ક્સ<br>(D) છપાયેલા એરીયાના મધ્ય ભાગે ઘાટી અને બહારની ધારો પર ઝાંખી શાહી | (A) છપાયેલા એરીયામાં સંપૂર્ણ રીતે એક સમાન શાહી |
| 12 | | ઓફસેટ મુદ્રણ પધ્ધતિમાં વપરાતી પ્લેટનો કયો ભાગ ડીસેન્સીટાઇઝ્ડ કરવામાં આવે છે ?<br>(A) છાપવાનો ભાગ<br>(B) છાપવાનો અને નહીં છાપવાનો બન્ને ભાગ<br>(C) નહીં છાપવાનો ભાગ<br>(D) પ્લેટની પાછળનો ભાગ | (C) નહીં છાપવાનો ભાગ |

| | | | |
|---|---|---|---|
| 13 | સાચી જોડણી જણાવો.<br>(A) ચીરંજિવિની<br>(B) ચિરંજિવનિ<br>(C) ચિરંજિવીની<br>(D) ચિરંજીવિની | **(D)** | ચિરંજીવિની |
| 14 | જે ધાતુઓ પાણી પ્રત્યે આકર્ષણ ધરાવતી હોય તેને કયા નામે ઓળખાય છે ?<br>(A) ઓલિયોફીલીક<br>(B) થર્મોપ્લેટેડ<br>(C) ઈલેક્ટ્રોપ્લેટેડ<br>(D) હાઈડ્રોફીલીક | **(D)** | હાઈડ્રોફીલીક |
| 15 | **The period ...................... Over, the teacher left the class.**<br>(A) **be**<br>(B) **been**<br>(C) **having**<br>(D) **having been** | **(D)** | having been |
| 16 | ઓફસેટ પ્લેટ બનાવટમાં નીચેનામાંથી કઇ ધાતુનો ઉપયોગ કરવામાં આવતો નથી ?<br>(A) લેડ<br>(B) ઝીંક<br>(C) એલ્યુમિનિયમ<br>(D) કોપર | **(A)** | લેડ |
| 17 | ચાર રંગી ઓફસેટ મુદ્રણ યંત્રનું સ્થાપન તમે ક્યાં કરશો ?<br>(A) ભોંયતળિયે<br>(B) પ્રથમ માળે<br>(C) દ્વિતિય માળે<br>(D) નળિયા ધરાવતી છત નીચે | **(A)** | ભોંયતળિયે |
| 18 | કુદરતી ગેસનું ઉદ્ભવસ્થાન ગંધાર કયા જિલ્લામાં આવેલું છે ?<br>(A) ભરૂચ<br>(B) કચ્છ<br>(C) પોરબંદર<br>(D) પંચમહાલ | **(A)** | ભરૂચ |
| 19 | મુદ્રણ દરમ્યાન પેપર ગોઠવેલ પાઈલ બોર્ડને સમયાંતરે ઉપર ચઢાવવાનું માર્ગદર્શન ફીડરના કયા ભાગ થકી થાય છે ?<br>(A) લીફ્ટીંગ શકર<br>(B) કોમ્બર<br>(C) બ્લોવર<br>(D) પાઈલ હાઈટ ગવર્નર | **(D)** | પાઈલ હાઈટ ગવર્નર |
| 20 | ‘જનનીની જોડ સખી નહિ જડે રે લોલ’ કાવ્ય પંક્તિ કયા કવિની છે ?<br>(A) ઉમાશંકર જોષી<br>(B) બોટાદકર<br>(C) ઈન્દુલાલ ગાંધી<br>(D) સ્નેહરશ્મિ | **(B )** | બોટાદકર |

| | | | |
|---|---|---|---|
| 21 | ફીડરના પાઈલ બોર્ડ પર પેપરો ગોઠવતા પહેલાં કઇ પ્રક્રિયાઓ જરૂરી છે ?<br>(A) નોકીંગ<br>(B) જોગીંગ<br>(C) ફેનીંગ<br>(D) **(A), (B)** અને **(C)** તમામ વિકલ્પો | **(D)** | (A), (B) અને (C) તમામ વિકલ્પો |
| 22 | ફીડરમાં ગોઠવાયેલ પેપરની થપ્પીમાંથી એક પેપર અલગ કરી તેમજ ઊંચો કરી આગળ મોકલવા સૌથી વધુ હવા ફેંકવાની ક્ષમતા કયા પેપર માટે જરૂરી હશે ?<br>(A) એરમેલ પેપર<br>(B) ન્યુઝપ્રિન્ટ પેપર<br>(C) મેપલીથો પેપર<br>(D) ટીસ્યુ પેપર | **(C)** | મેપલીથો પેપર |
| 23 | ગુજરાતમાં વ્યવસાય વેરાનો વહીવટ ગ્રામ પંચાયતને ક્યારથી સોંપવામાં આવ્યો છે ?<br>(A) **2010**<br>(B) **2006**<br>(C) **2009**<br>(D) **2007** | **(B)** | 2006 |
| 24 | ફીડર જો પેપર ઊંચકવામાં નિષ્ફળ જતુ હોય તો તેનાં શું કારણો હોઇ શકે ?<br>(A) હવા ફેંકવાની ક્ષમતામાં નબળાઈ<br>(B) પાઈલ હાઈટ ગવર્નરનું અયોગ્ય સેટીંગ<br>(C) લીફ્ટીંગ સર્કશનું અયોગ્ય સેટીંગ<br>(D) **(A), (B)** અને **(C)** તમામ વિકલ્પો | **(D)** | (A), (B) અને (C) તમામ વિકલ્પો |
| 25 | તાજેતરમાં રમાયેલ આઈ.પી.એલ. ક્રિકેટ ટુર્નામેન્ટ્સ - **2017**ની મુંબઈ ઈન્ડિયન્સ ટીમના કેપ્ટનનું નામ જણાવો.<br>(A) વિરાટ કોહલી<br>(B) ગૌતમ ગંભીર<br>(C) રોહિત શર્મા<br>(D) ડેવીડ વોર્નર | **(C)** | રોહિત શર્મા |
| 26 | સર્કશની 'ટીલ્ટીંગ મુવમેન્ટ' થી શું થાય છે ?<br>(A) પેપર ઊંચકાય<br>(B) ઊંચકાયેલ પેપર આગળ વધે<br>(C) પેપર છૂટો પડે<br>(D) પેપર પાછળની બાજુ ગતિ કરે | **(B)** | ઊંચકાયેલ પેપર આગળ વધે |
| 27 | ફ્ન્ટલે દ્વારા અટકેલ પેપર મુદ્રણ યંત્ર ચાલુ હોવા છતાં પણ પાછળની બાજુ ગતિ કરતો નથી તેનું કારણ.....<br>(A) ગાઈડ વ્હીલ્સ<br>(B) સાઈડ લે<br>(C) કન્વેયર બેલ્ટ્સ<br>(D) ટેઈલ વ્હીલ્સ | **(D )** | ટેઈલ વ્હીલ્સ |

| | | | |
|---|---|---|---|
| 28 | 'માડું' શબ્દનું શિષ્ટરૂપ જણાવો.<br>(A) માંડવું<br>(B) મંડાવવું<br>(C) પાડોશી<br>(D) માણસ | (D ) | માણસ |
| 29 | કન્વેયર બેલ્ટ અને ગાઈડ વ્હીલ્સની મુવમેન્ટ થકી આગળ વધેલ પેપર સૌ પ્રથમ કોના સંપર્કમાં આવે છે ?<br>(A) ફ્રન્ટ લે<br>(B) સાઈડ લે<br>(C) ફ્રન્ટ અને સાઈડ લેનો સંપર્ક એક જ સમયે<br>(D) કોઇના પણ સંપર્કમાં આવતો નથી | (A) | ફ્રન્ટ લે |
| 30 | **Change the degree: Sleep is not less necessary than food.**<br>(A) **Sleep is at least as necessary as food.**<br>(B) **Sleep is more necessary than food.**<br>(C) **Food is less necessary as sleep.**<br>(D) **None of the above** | (A) | Sleep is at least as necessary as food. |
| 31 | ડેમ્પીંગ એકમનું વાઈબ્રેટર શેમાંથી બનાવેલ હોય છે ?<br>(A) લોખંડ<br>(B) સ્ટેનલેસ સ્ટીલ/ક્રોમીયમ<br>(C) લાકડું<br>(D) પ્લાસ્ટીક | (B) | સ્ટેનલેસ સ્ટીલ/ક્રોમીયમ |
| 32 | વાઈબ્રેટરની ગતી કેવી રીતની હોય છે ?<br>(A) રેસીપ્રોકેટીંગ<br>(B) રેસીપ્રોકેટીંગ તેમજ રોટેટીંગ<br>(C) રોટેટીંગ<br>(D) ગતિ હોતીજ નથી | (B) | રેસીપ્રોકેટીંગ તેમજ રોટેટીંગ |
| 33 | તપાસ પંચ ધારા હેઠળ નિમાયેલા તપાસ પંચનો અહેવાલ કોની સમક્ષ રજૂ થાય ?<br>(A) સરકાર<br>(B) રાજ્યપાલ<br>(C) રાષ્ટ્રપતિ<br>(D) લોકસભા | (A) | સરકાર |
| 34 | ડેમ્પીંગ એકમના કયા રોલરને 'લીનન ક્લોથ' વડે કવર કરવામાં આવે છે ?<br>(A) ફાઉન્ટન રોલર<br>(B) ફોર્મ રોલર્સ<br>(C) ડીસ્ટ્રીબ્યુટર રોલર<br>(D) ડક્ટર રોલર | (A) | ફાઉન્ટન રોલર |
| 35 | 'હસતું મોઢું રાખજો' - કૃદંત ઓળખાવો.<br>(A) વર્તમાનકૃદંત<br>(B) સામાન્યકૃદંત<br>(C) ભૂતકૃદંત<br>(D) ભવિષ્યકૃદંત | (A) | વર્તમાનકૃદંત |

| | | | |
|---|---|---|---|
| 36 | ડેમ્પીંગ એકમ થકી પ્લેટના અમુક એરિયામાં જતું પાણી અટકાવનાર અને હવાના સિદ્ધાંત પર કાર્યરત વોટર સ્ટોપ કયા નામથી ઓળખાય છે ?<br>(A) સિલિન્ડ્રીકલ<br>(B) ન્યુમેટીક<br>(C) સ્ક્વેર શેપ<br>(D) વી શેપ | **(B)** | ન્યુમેટીક |
| 37 | મુદ્રણ યંત્રના શાહીના એકમના ફોર્મ રોલર્સ સામાન્ય રીતે હાલ શેમાંથી બનાવવામાં આવે છે ?<br>(A) તાંબુ<br>(B) નેચરલ રબર<br>(C) સરેશ<br>(D) પોલીયુરેથીન રબર | **(D)** | પોલીયુરેથીન રબર |
| 38 | વિન્ડોઝમાં ઈન્ટરનેટ એક્સ્પ્લોરરના આઈકનમાં અંગ્રેજીનો કયો મૂળાક્ષર જોવા મળે છે ?<br>(A) **i**<br>(B) **e**<br>(C) **m**<br>(D) **r** | **(B)** | e |
| 39 | શાહીનો જથ્થો સળંગ વધારવા માટે કઇ ડીવાઇસનો ઉપયોગ કરવામાં આવે છે ?<br>(A) ડીફલ્ફીંગ<br>(B) પૉલ એન્ડ રેચેટ<br>(C) જમ્પીંગ<br>(D) ઈન્ક એજીટેટર | **(B)** | પૉલ એન્ડ રેચેટ |
| 40 | જો **DICTIONARY** શબ્દને **1234256789** કોડ નંબર દ્વારા દર્શાવવામાં આવે તો **ORDINARY** શબ્દને કઇ રીતે દર્શાવી શકાય ?<br>(A) **59126789**<br>(B) **58126789**<br>(C) **57326789**<br>(D) **56126789** | **(B)** | 58126789 |
| 41 | મુદ્રણ યંત્રમાં શાહીના એકમનું સ્થાન કઇ જગ્યાએ હોવું હિતાવહ છે ?<br>(A) મુદ્રણ એકમની નીચે<br>(B) મુદ્રણ એકમની ઉપર<br>(C) ડીલીવરી એકમની નીચે<br>(D) ડેમ્પીંગ એકમની પાછળ | **(B)** | મુદ્રણ એકમની ઉપર |
| 42 | શાહીના એકમમાં સમાવિષ્ટ રોલરો પરથી સુકાઈ ગયેલ શાહી કાઢવા શું વાપરશો ?<br>(A) ગમ એરેબીક<br>(B) નાઈટ્રીક એસિડ<br>(C) એસિટોન<br>(D) પાણી | **(C)** | એસિટોન |

| | | | |
|---|---|---|---|
| 43 | 'સેહેની' કયા સાહિત્યકારનું ઉપનામ છે ?<br>(A) મણિશંકર રત્નજી ભટ્ટ<br>(B) સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ<br>(C) બ.ક. ઠાકોર<br>(D) નર્મદાશંકર લાભશંકર દવે | (C) | બ.ક. ઠાકોર |
| 44 | અહીં દર્શાવેલ ભાગોમાંથી કયો ભાગ પ્લેટ સિલિન્ડરની રચનામાં જોવા મળતો નથી ?<br>(A) સ્પાઈડર રીંગ<br>(B) બેરર<br>(C) અન્ડર કટ<br>(D) સિલિન્ડર ગેપ | (A) | સ્પાઈડર રીંગ |
| 45 | **Give plural form of: 'grief'**<br>(A) **griefs**<br>(B) **grieves**<br>(C) **griefes**<br>(D) **grief** | (A) | griefs |
| 46 | મધ્યમ કદના એક ઓફસેટ મુદ્રણ યંત્રમાં બ્લેન્કેટ સિલિન્ડરનું સ્થાન ક્યાં જોવા મળે છે ?<br>(A) પ્લેટ સિલિન્ડરની ઉપર<br>(B) ઈન્કીંગ એકમની નીચે<br>(C) પ્લેટ અને ઈમ્પ્રેશન સિલિન્ડરની વચ્ચે<br>(D) ડીલીવરી એકમની નીચે | (C) | પ્લેટ અને ઈમ્પ્રેશન સિલિન્ડરની વચ્ચે |
| 47 | ઓફસેટ મુદ્રણ એકમના કયા સિલિન્ડર પર બેરર હોતા નથી ?<br>(A) ઈમ્પ્રેશન<br>(B) પ્લેટ<br>(C) બ્લેન્કેટ<br>(D) બ્લેન્કેટ તેમજ પ્લેટ | (A) | ઈમ્પ્રેશન |
| 48 | એપ્રિલ - 2017માં ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ભારતની સૌથી મોટી રોડટનલનું લોકાર્પણ કરવામાં આવ્યું. આ ટનલ કયા નામથી ઓળખાય છે.<br>(A) ચેન્નાઈ - નાશરી<br>(B) નાસીક - ચેનાની<br>(C) નાસીક - ચેન્નાઈ<br>(D) ચેનાની - નાશરી | (D) | ચેનાની - નાશરી |
| 49 | ઓફસેટ મુદ્રણ એકમના કયા સિલિન્ડર એક જ દિશામાં ફરતા હોય છે ?<br>(A) પ્લેટ અને બ્લેન્કેટ<br>(B) બ્લેન્કેટ અને ઈમ્પ્રેશન<br>(C) પ્લેટ અને ઈમ્પ્રેશન<br>(D) પ્લેટ, બ્લેન્કેટ તેમજ ઈમ્પ્રેશન ત્રણેય | (C) | પ્લેટ અને ઈમ્પ્રેશન |
| 50 | 'મેં આશીર્વાદ આપ્યા' કર્મણિ વાક્ય જણાવો.<br>(A) હું આશીર્વાદ આપું છું.<br>(B) હું આશીર્વાદ આપીશ.<br>(C) મારાથી આશીર્વાદ અપાયા.<br>(D) મારાથી આશીર્વાદ આપવામાં આવશે. | (C) | મારાથી આશીર્વાદ અપાયા. |

| | | | |
|---|---|---|---|
| 51 | સામાન્ય રીતે બ્લેન્કેટ શેમાંથી બનાવવામાં આવે છે ?<br>(A) રબર તેમજ ફેબ્રીક<br>(B) રબર તેમજ ચામડુ<br>(C) રબર તેમજ પ્લાસ્ટિક<br>(D) ફક્ત રબર | **(A)** | રબર તેમજ ફેબ્રીક |
| 52 | ઓફસેટ યંત્રના ડીલીવરી એકમમાં સમાવિષ્ટ ભાગોમાં કયો ભાગ હોતો નથી ?<br>(A) જોગર્સ<br>(B) પાઈલ બોર્ડ<br>(C) ડીલીવરી ચેઇન<br>(D) સર્કશ | **(D)** | સર્કશ |
| 53 | ગુજરાત રાજ્યના પાટણ જિલ્લાને નીચે દર્શાવેલ જિલ્લાઓ પૈકી કયા જિલ્લાની હદ સ્પર્શતી નથી ?<br>(A) બનાસકાંઠા<br>(B) સુરેન્દ્રનગર<br>(C) સાબરકાંઠા<br>(D) મહેસાણા | **(C)** | સાબરકાંઠા |
| 54 | 'એન્ટી સેટ ઓફ સ્પ્રે' ડીવાઇસ ક્યાં ગોઠવાયેલ હોય છે ?<br>(A) પ્લેટ સિલિન્ડરની ઉપર<br>(B) ઈન્કીંગ યુનિટની ઉપર<br>(C) ડીલીવરી એકમમાં<br>(D) ડેમ્પીંગ યુનિટની ઉપર | **(C )** | ડીલીવરી એકમમાં |
| 55 | ઘન ઓર્ગેનિક કચરાને ખાતરમાં ફેરવવા કયા જીવો તેમાં દાખલ કરાય છે ?<br>(A) વંદા<br>(B) અળશિયા<br>(C) ગરોળી<br>(D) ઉંદર | **(B)** | અળશિયા |
| 56 | 'ટ્રીપ ઓફ મીકેનીઝમ' કાર્યરત થાય ત્યારે નંબરીંગ એકમમાં શું અસર થાય છે ?<br>(A) નંબરીંગ આગળ વધતું અટકી જાય<br>(B) નંબરીંગ એકમના નંબરીંગમાં જમ્પીંગ થાય<br>(C) નંબરીંગ અવળુ ફરતું થઇ જાય<br>(D) નંબરીંગ શૂન્ય પર આવી જાય | **(A)** | નંબરીંગ આગળ વધતું અટકી જાય |
| 57 | આંતરરાષ્ટ્રિય A3 પેપરનું માપ શું હોય છે (મી.મી.) ?<br>(A) **210 x 297**<br>(B) **297 x 420**<br>(C) **420 x 594**<br>(D) **105 x 148** | **(B)** | 297 x 420 |
| 58 | 'અનુસર્જક' નો અર્થ શો થાય ?<br>(A) એક સર્જકના સર્જનનું રૂપાંતર કરનાર<br>(B) માત્ર રૂપાંતર કરનાર<br>(C) એક ભાષામાંથી બીજી ભાષામાં અનુવાદ કરનાર<br>(D) એક ગીતને પોતાની આગવી રીતથી ગાનાર | **(A)** | એક સર્જકના સર્જનનું રૂપાંતર કરનાર |

| | | | |
|---|---|---|---|
| 59 | મુદ્રણ શાહીને પાતળી કરવા શું ઉમેરવામાં આવે છે ?<br>(A) રીડ્યુસર<br>(B) કેરોસીન<br>(C) ટર્પેન્ટાઈન<br>(D) એસિટોન | (A) | રીડ્યુસર |
| 60 | **Give the Noun form of: To bear**<br>(A) **bearity**<br>(B) **bearable**<br>(C) **bier**<br>(D) **born** | (C) | bier |
| 61 | ઉત્તમ કક્ષાનું બહુરંગી ચિત્ર મુદ્રણ કરવા કયા પેપરનો ઉપયોગ કરવો હિતાવહ રહેશે ?<br>(A) લેજર પેપર<br>(B) ટ્રેસીંગ પેપર<br>(C) હેન્ડમેડ પેપર<br>(D) આર્ટ પેપર | (D) | આર્ટ પેપર |
| 62 | 'ફુલસ્કેપ' પેપરનું માપ જણાવો.<br>(A) **18 x 23**<br>(B) **13.5 x 17**<br>(C) **15 x 20**<br>(D) **20 x 25** | (B) | 13.5 x 17 |
| 63 | ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલ અંદાજપત્ર **2017-18** અન્વયે ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોને **75** ચો.મીટરના ટેનામેન્ટ કે ફ્લેટ માટે રાજ્ય સરકાર દ્વારા કેટલા રૂપિયાની સહાય આપવાનું ઠરાવવામાં આવ્યું છે ?<br>(A) રૂ. **2.43** લાખ<br>(B) રૂ. **3.42** લાખ<br>(C) રૂ. **3.24** લાખ<br>(D) રૂ. **4.23** લાખ | (D) | રૂ. 2.43 લાખ |
| 64 | પેપર સંદર્ભે જી.એસ.એમ. એટલે તમે શું સમજો છો ?<br>(A) ગ્રામ સ્ક્વેર મીટર<br>(B) ગ્રામ સીક્યોર્ડ મીટર<br>(C) ગ્રામ સીકવન્સ મીટર<br>(D) ગ્રામ સેમ્પલ મીટર | (A) | ગ્રામ સ્ક્વેર મીટર |
| 65 | શામળ પોતાના કાળમાં કઇ બાબત માટે પ્રખ્યાત થયેલા ?<br>(A) ભજન<br>(B) વ્યાખ્યાન<br>(C) લોકવાર્તા<br>(D) પદ્યવાર્તા | (D) | પદ્યવાર્તા |

| | | | |
|---|---|---|---|
| 66 | પેપર કઇ દિશામાં વધારે સહેલાઇથી ફાટે છે ?<br>(A) ગ્રેઇન દિશામાં<br>(B) એક્રોસ ધી ગ્રેઇન દિશામાં<br>(C) ગ્રેઇન તેમજ એક્રોસ ધી ગ્રેઇન દિશામાં<br>(D) **(A), (B), (C)** પૈકી એકપણ દિશામાં નહીં | **(A)** | ગ્રેઇન દિશામાં |
| 67 | પેપર બનાવટ વખતે રહી ગયેલ નકામા ઘટકો દૂર કરવા ઓફસેટ યંત્રમાં કઇ ડીવાઈસ મૂકવામાં આવે છે ?<br>(A) ફોટો સેલ<br>(B) થ્રી પોઈન્ટ<br>(C) ડીફ્લ્ફીંગ<br>(D) પ્રી લોડીંગ | **(C )** | ડીફ્લ્ફીંગ |
| 68 | ગૌચર અનામત રાખવાનું ધોરણ કોને લાગુ પડે છે ?<br>(A) ગ્રામ પંચાયત<br>(B) નગરપાલિકા<br>(C) મહાનગરપાલિકા<br>(D) **(A), (B), (C)** તમામ | **(D)** | (A), (B), (C) તમામ |
| 69 | પેપર ઉપર મુદ્રિત થતી મુદ્રણ શાહી કઇ પદ્ધતિઓ વડે પેપર પર સુકાઈ જાય છે ?<br>(A) પેનીટ્રેશન<br>(B) ઓક્સીડાઇઝેશન<br>(C) ઈવોપરેશન<br>(D) **(A), (B), (C)** તમામ | **(D)** | (A), (B), (C) તમામ |
| 70 | ‘અમારાથી આખી રાત જગાયું’ વાક્યનું કર્તરિ વાક્ય જણાવો.<br>(A) અમે આખી રાત જાગશું.<br>(B) અમે આખી રાત જાગ્યા.<br>(C) અમે આખી રાત જાગવાના.<br>(D) અમે આખી રાત જાગતા રહ્યા. | **(B)** | અમે આખી રાત જાગ્યા. |
| 71 | ‘સેટ ઓફ’ અટકાવવા શું કરશો ?<br>(A) એન્ટી સેટ ઓફ સ્પ્રે ડીવાઇસ કાર્યરત કરવું<br>(B) શાહીમાં એસિટોન ઉમેરવો<br>(C) શાહીમાં ટર્પેન્ટાઇન ઉમેરવું<br>(D) મુદ્રણ થતા પેપર પર પ્યુમીસ પાવડર છાંટવો | **(A)** | એન્ટી સેટ ઓફ સ્પ્રે ડીવાઇસ કાર્યરત કરવું |
| 72 | મુદ્રિત પેપર પર હાથ ફેરવતા જો શાહીના પીગમેન્ટ્સ હથેળી અથવા આંગળીઓ પર ચોંટે તો તેને શું કહેશો ?<br>(A) ક્રીસ્ટલાઇઝેશન<br>(B) ડી સેન્સીટાઇઝેશન<br>(C) ચોકીંગ<br>(D) સ્પ્રીન્કલીંગ | **(C)** | ચોકીંગ |
| 73 | કઈ જોડી ખોટી છે તે જણાવો.<br>(A) ચૂંદડી - સ્ત્રીલિંગ<br>(B) માયા - સ્ત્રીલિંગ<br>(C) દિલ - સ્ત્રીલિંગ<br>(D) લાડણી - સ્ત્રીલિંગ | **(C)** | દિલ - સ્ત્રીલિંગ |

| | | | |
|---|---|---|---|
| 74 | કઇ લાક્ષણિકતા એલ્યુમિનિયમ પ્લેટના સંદર્ભે લાગુ પડતી નથી ?<br>(A) ઉજળી<br>(B) ઓલિયોફીલીક<br>(C) હલકા વજનવાળી<br>(D) હાઈડ્રોફીલીક | **(B)** | ઓલિયોફીલીક |
| 75 | **Change into passive voice: Who taught you grammer ?**<br>(A) **By whom did you teach grammer ?**<br>(B) **By whom were you taught grammer ?**<br>(C) **By whom was you taught grammer ?**<br>(D) **Who taught you grammer by ?** | **(B)** | By whom were you taught grammer ? |
| 76 | કઇ શાહીઓનું મિશ્રણ કરવાથી લાલ કલર મળશે ?<br>(A) યલો + શાયન<br>(B) યલો + બ્લુ<br>(C) યલો + બ્લેક<br>(D) યલો + મજેન્ટા | **(D)** | યલો + મજેન્ટા |
| 77 | ભૂતિયા છાપ ક્યાં ક્યાં જોવા મળે છે ?<br>(A) ફક્ત પ્લેટ પર<br>(B) પ્લેટ અને બ્લેન્કેટ પર<br>(C) ઈમ્પ્રેશન સિલિન્ડર પર<br>(D) મુદ્રિત થયેલ પેપર પર | **(B)** | પ્લેટ અને બ્લેન્કેટ પર |
| 78 | આપેલ વિકલ્પોમાંથી ઝવેરચંદ મેઘાણીની નવલકથા કઇ છે ?<br>(A) ગેર સમજ<br>(B) તુલસી ક્યારો<br>(C) ડીમલાઈટ<br>(D) ત્રીજો પુરુષ | **(B)** | તુલસી ક્યારો |
| 79 | ઓફસેટ મુદ્રણ યંત્ર થકી નીચે દર્શાવેલ પૈકી કઇ પ્રક્રિયા કરી શકાતી નથી ?<br>(A) એમ્બોઝીંગ<br>(B) રીવર્સ મુદ્રણ<br>(C) ડ્યુટોન મુદ્રણ<br>(D) ચેકબુક મુદ્રણ | **(A)** | એમ્બોઝીંગ |
| 80 | ‘હું ન બોલ્યો તે ન જ બોલ્યો’ વાક્યની ભાવેવાચક રચના દર્શાવો.<br>(A) હું બોલું, નજ બોલું<br>(B) મારાથી બોલાય ખરું !<br>(C) મારાથી ન બોલાયું તે ન જ બોલાયું<br>(D) બોલ્યા, બોલ્યા, એ શું બોલે ! | **(C)** | મારાથી ન બોલાયું તે ન જ બોલાયું |
| 81 | બહુરંગી મુદ્રણ કરવા માટે કયા પ્રકારની શાહી વાપરવી હિતાવહ છે ?<br>(A) મેટાલીક શાહી<br>(B) ફ્યુજીટીવ શાહી<br>(C) પ્રોસેસ શાહી<br>(D) ઓપેક શાહી | **(C )** | પ્રોસેસ શાહી |

| | | | |
|---|---|---|---|
| 82 | રોલરની બેરીંગ્સ શેના વડે લુબ્રીકેટ કરવી જોઇએ ?<br>(A) પેટ્રોલ<br>(B) ગ્રીસ<br>(C) નેપ્થા<br>(D) ટર્પેન્ટાઇન | (B) | ગ્રીસ |
| 83 | ધોરાજી તાલુકો ગુજરાત રાજ્યના કયા જિલ્લામાં આવેલ છે ?<br>(A) બનાસકાંઠા<br>(B) જામનગર<br>(C) જુનાગઢ<br>(D) રાજકોટ | (D) | રાજકોટ |
| 84 | મનીલા શીટનો ઉપયોગ ક્યાં થાય છે ?<br>(A) મુદ્રણ મુળાધાર તરીકે<br>(B) પ્લેટોનું પેકીંગ કરવા<br>(C) પ્લેટ અને બ્લેન્કેટ નીચે પેકીંગ તરીકે<br>(D) પેપર રીમ પર પેકીંગ તરીકે | (C ) | પ્લેટ અને બ્લેન્કેટ નીચે પેકીંગ તરીકે |
| 85 | ઈન્ટરનેટનું કયું જોડાણ ટેલીફોન લાઈનનો ઉપયોગ કરે છે ?<br>(A) બ્રોડબેન્ડ<br>(B) વાયરલેસ<br>(C) સેટેલાઈટ<br>(D) ડાયલ અપ | (D) | ડાયલ અપ |
| 86 | ઓફસેટ યંત્રમાં ‘ઈન્ચીંગ’ પ્રક્રિયા ક્યારે કરવામાં આવે છે ?<br>(A) પ્લેટ ઈન્સ્ટોલ કરતી વખતે<br>(B) પ્લેટ તથા બ્લેન્કેટ કાઢતી વખતે<br>(C) બ્લેન્કેટની સાફસફાઈ દરમ્યાન<br>(D) અહીં આપેલ તમામ પ્રક્રિયાઓ વખતે | (D) | અહીં આપેલ તમામ પ્રક્રિયાઓ વખતે |
| 87 | પ્લેટને થોડો સમય મુકી રાખી ફરીથી ઉપયોગમાં લેવાની હોય ત્યારે કઇ પ્રક્રિયાથી પ્લેટની સાચવણી થાય છે ?<br>(A) સેન્સીટાઇઝ પ્રક્રિયા<br>(B) વેટ વૉશઆઉટ પ્રક્રિયા<br>(C) ડ્રાય વૉશઆઉટ પ્રક્રિયા<br>(D) પ્લેટને ન્યુઝ પેપરમાં વીંટાળીને સ્ટોરમાં મુકી રાખવી | (C ) | ડ્રાય વૉશઆઉટ પ્રક્રિયા |
| 88 | આપેલ વિકલ્પોમાંથી સાચા સંયોજકવાળું વાક્ય શોધીને જણાવો.<br>(A) સાત પેઢી જાય ત્યારે ગુણ લક્ષણો સ્થિર થાય.<br>(B) સાત પેઢી જાય તો ગુણ લક્ષણો સ્થિર થાય.<br>(C) સાત પેઢી જાય એટલે ગુણ લક્ષણો સ્થિર થાય.<br>(D) સાત પેઢી જાય છે તો ગુણ લક્ષણો સ્થિર થાય છે. | (A) | સાત પેઢી જાય ત્યારે ગુણ લક્ષણો સ્થિર થાય. |
| 89 | ઓફસેટ મુદ્રણ યંત્રના ડેમ્પીંગ એકમમાં સમાવિષ્ટ ફાઉન્ટન રોલર ટ્રેમાં કેટલો ડૂબેલો રહેવો જોઇએ ?<br>(A) આશરે 50% થી 60%<br>(B) આશરે 10% થી 15%<br>(C) આશરે 70% થી 80%<br>(D) આશરે 30% થી 40% | (D) | આશરે 30% થી 40% |

| | | | |
|---|---|---|---|
| 90 | $(x+3)(x-8) =$ ........................<br>(A) $x^2 + 11x - 24$<br>(B) $x^2 - 8x + 24$<br>(C) $x^2 - 5x - 24$<br>(D) $x^2 - 5x + 24$ | (C) | $x^2 - 5x - 24$ |
| 91 | રબર બ્લેન્કેટના રબરને દબાણ આપી મૂળ સ્થિતિમાં આવવાની (ઈલાસ્ટીસીટી પાવર) શક્તિ માપવા કયો એકમ વપરાય છે ?<br>(A) બોમેં<br>(B) શોર હાર્ડનેસ<br>(C) જી.એસ.એમ.<br>(D) કિલોગ્રામ | (B) | શોર હાર્ડનેસ |
| 92 | પેપરને પકડીને મુદ્રણ યંત્રમાં મોકલવા આગળના ભાગે રાખવી પડતી ખુલ્લી જગ્યા કે જ્યાં મુદ્રણ થઇ શકતું નથી તે જગ્યા કયા નામથી ઓળખાય છે ?<br>(A) ટોપ માર્જીન<br>(B) પેજ માર્જીન<br>(C) ગ્રીપર માર્જીન<br>(D) ટેઈલ માર્જીન | (C) | ગ્રીપર માર્જીન |
| 93 | બહુરંગી ચિત્રની પ્લેટો જ્યારે શાયન, મજેન્ટા, યલો અને બ્લેક મુદ્રણ શાહી વડે મુદ્રિત કરવાની હોય તો કઇ પ્લેટ કયા રંગની છે તે જાણવા શાનો ઉપયોગ કરશો ?<br>(A) સ્ક્રીન પેટર્ન<br>(B) સ્ક્રીન એંગલ<br>(C) મીડલ ટોન એરીયા<br>(D) હાઈલાઈટ એરીયા | (B) | સ્ક્રીન એંગલ |
| 94 | ડેમ્પીંગ એકમના ફ્રેમ રોલર પર ચડાવેલ મોલેટોન ક્લોથ કવરના છૂટા પડેલા ફાઈબર્સ ઘણીવાર ફાઈબર આકારમાં મુદ્રિત થતા જોવા મળે છે. આવી છાપને શું કહેવાય છે ?<br>(A) સ્કમ<br>(B) ટીન્ટ<br>(C) હીકીસ અને સ્પોર્ટ્સ<br>(D) શૉ-થ્રુ | (C) | હીકીસ અને સ્પોર્ટ્સ |
| 95 | ‘સુદામાચરિત્ર’ ના સર્જક કોણ હતા ?<br>(A) મીરાંબાઈ<br>(B) નરસિંહ મહેતા<br>(C) શામળ<br>(D) પ્રેમાનંદ | (B) | નરસિંહ મહેતા |
| 96 | ‘સેટ ઓફ’ થવાનું જોખમ કયા પેપર પર સૌથી વધારે સંભવિત હોય છે ?<br>(A) આર્ટ પેપર<br>(B) લેજર પેપર<br>(C) બોન્ડ પેપર<br>(D) મેપલીથો પેપર | (A) | આર્ટ પેપર |

| | | | |
|---|---|---|---|
| 97 | એક પેપરને જ્યારે એકવાર વચ્ચેથી વાળવામાં આવે ત્યાર તેમાંથી બનતા પેપરના માપને શું કહેવાય ?<br>(A) ઓક્ટેવો<br>(B) ફોલિયો<br>(C) ક્વાર્ટો<br>(D) કશુંજ ન કહેવાય | **(B)** | ફોલિયો |
| 98 | રાજ્ય સરકાર દ્વારા 65 વર્ષ કે તેથી વધુ ઉંમરના નિરાધાર વૃદ્ધો કે જેઓ રાષ્ટ્રીય નિરાધાર વૃદ્ધો માટેની પેન્શન યોજના હેઠળ મળવાપાત્ર હોય પરંતુ પેન્શન મળતું નથી તેવા નાગરિકોને વિનામૂલ્યે માસિક ઘઉંનું વિતરણ કરવા કઇ યોજના અમલમાં મૂકેલ છે ?<br>(A) અન્નબ્રહ્મ<br>(B) અન્નસેવા<br>(C) અન્નપૂર્ણા<br>(D) અન્નદાતા | **(C)** | અન્નપૂર્ણા |
| 99 | ઓફસેટ મુદ્રણ યંત્રમાં સંભવિત માનવીય અકસ્માતો અટકાવવા 'સ્ટોપ' બટન કઇ કઇ જગ્યાએ હોવું હિતાવહ છે ?<br>(A) ફીડર એકમમાં<br>(B) મુદ્રણ એકમમાં<br>(C) ડીલીવરી એકમમાં<br>(D) (A), (B), (C) તમામ એકમો માટે 'સ્ટોપ' બટન હિતાવહ છે | **(D)** | (A), (B), (C) તમામ એકમો માટે 'સ્ટોપ' બટન હિતાવહ છે |
| 100 | આપત્તિ વ્યવસ્થાપન માટે રાજ્યના વડા પદાધિકારી તરીકે કોને નિર્દિષ્ટ કરેલા છે ?<br>(A) વડાપ્રધાન<br>(B) મુખ્યપ્રધાન<br>(C) મહેસુલ પ્રધાન<br>(D) ગૃહપ્રધાન | **(B)** | મુખ્યપ્રધાન |